# કૂવાની ચોરી !

— ઈશ્વર પરમાર

એક હતો રાજા. એ ભારે ઉદાર. રૈયતની તકલીફ જાણવા અને દૂર કરવા સદાય તૈયાર. કોઈ પણ સમયે એની પાસે ફરિયાદ કરવા જવાની બધાને છૂટ. રાજા પોતે રાતે વેશ–બદલો કરીને અથવા કાળી શાલ ઓઢીને નગરમાં અને પોતાનાં ગામડાંઓમાં ફરે. એ રીતે રૈયતનાં દુઃખ જાતે જુએ અને સાંભળે. સવારના દરબારમાં એ દુઃખોનું નિવારણ પણ થઈ જાય.

એક વાર એના રાજમાં દુકાળ પડયો. અનાજ પાક્યું નહીં. આ સંજોગોમાં ખેડૂતો રાજાને મહેસૂલ તો ક્યાંથી ભરી શકે ? તેઓ રાજાને મહેસૂલની માફી માટે અરજ કરે તે પહેલાં જ રાજાએ મહેસૂલ–માફીની દાંડી પિટાવી દીધી.

તે પછીના વરસે પહેલો વરસાદ થયો. ખેડૂતોએ ખેતર ખેડીને વાવણી કરી. અનાજનાં અંકુરો ફૂટયા. હવે બીજા વરસાદની જરૂર હતી. કમનસીબે, છેવટ સુધી વરસાદ થયો નહીં. વાવેલાં બી બળવા લાગ્યાં; ફૂટેલાં અંકુરો સુકાવા લાગ્યાં. જેમના ખેતરમાં કૂવો હતો તેવા ખેડૂતોએ તો રાત–દિવસ એક કરીને પાક બચાવી લીધો; પણ જેમના ખેતરમાં કૂવો ન હતો તેવા ગરીબ ખેડૂતો શું કરે ? ગયું વરસ તો એમણે અનાજ–ભરેલા કોઠારના આધારે ખેંચી કાઢેલું. આ વરસે તો ખાવાના જ સાંસાં પડવાના હતા, ત્યાં મહેસૂલ તો ક્યાંથી ભરી શકાય ? તેઓ રાજાને મહેસૂલની માફી માટે અરજ કરે તે પહેલાં જ રાજાએ મહેસૂલ–માફીની અને વધારામાં દુકાળ–રાહતની દાંડી પિટાવી દીધી.

ગરીબ ખેડૂતોને શી રાહત આપવી તે વિચારવાનું પ્રધાનને સોંપાયું. રાજા જેટલો ઉદાર હતો, તેટલો જ પ્રધાન બુદ્ધિશાળી હતો. એણે વિચાર્યું : ‘ગરીબ ખેડૂતોને રોકડી મદદ કરવાથી કોઈ કાયમી ઉકેલ તો નહીં જ આવે. મદદ એવી રીતે કરવી જોઈએ કે જેથી તાત્કાલિક રોજી મળે અને કાયમ માટે રોટી મળે.

આમ વિચાર કરીને એમણે કૂવા ખોદવાની યોજના ઘડી કાઢી. આ યોજના મુજબ ખેડૂતે જાત–મહેનતથી પોતાના ખેતરમાં કૂવો ખોદીને રાજા નીમે તે કારભારીને બતાવવો. કારભારી ખાતરી કરીને કૂવાનું ખત આપે. ખત પર રાજ મહોર મારે. ખેડૂત એ ખત ખજાનચીને બતાવે ત્યારે એને દસ હજાર રૂપિયા ચૂકવવામાં આવે.

રાજાને આ યોજના ગમી ગઈ. ભોજન કરતી વખતે હોંશે–હોંશે એની વિગતવાર વાત રાણીને કહી. રાણીએ પણ રાજી થઈને કહ્યું : 'યોજના તો સરસ છે, પણ કૂવાનો કારભારી બનાવશો કોને ?'

રાજા કહે : 'આ માટે તો ભરોસાલાયક માણસની જરૂર પડશે. એના ખત પરથી તો ખજાનચી રૂપિયા ગણી આપશે.'

રાણી કહે : 'તે આ કામ મેરુમામાને જ સોંપો ને ?'

રાજા કહે : 'મેરુમામા વળી કોણ છે ?'

રાણી કહે : 'તમે એમને શાના ઓળખો ? તમારા લશ્કરમાં તો એ હજુ સુધી મામૂલી સિપાહી જ છે. એ મારી માના દૂર દૂરના ભાઈ થાય; એટલે એ મારા તો મામા જ ને ?'

રાજા કહે : 'પણ એ પ્રામાણિક તો છે ને ?'

રાણીની આંખમાં આંસુ આવી ગયાં – 'હા, અમારાં સગાં તો ભરોસાલાયક ક્યાંથી હોય ? તમને ઠીક લાગે તેમને નીમજો. બસને ?'

રાજાને રાણીની આ હઠ વાજબી તો ન લાગી પણ એને કંઈક કાયમી બોધપાઠ મળશે એમ માનીને મેરુભાઈને કૂવાના કારભારી તરીકે નીમવાનું કહી દીધું. પ્રધાનને આ નિમણૂકથી નવાઈ તો લાગી પણ કંઈ બોલ્યા નહીં.

એક મામૂલી સિપાહીમાંથી મેરુભાઈ રાતોરાત કારભારી બની ગયા. એ રાણીના દૂરના મામા થાય છે એ વાત બહાર આવતાં બધા ય તેને 'મેરુમામા' કહેવા લાગ્યા. એણે શરૂઆતમાં તો વિવેકથી કૂવાનું કારભારું કર્યું પણ ધીમે ધીમે સત્તાનો કેફ ચડવા લાગ્યો.

હવે તો જે ખેડૂત ખુશામત કરે ત્યારે એને ખેતરે કૂવો જોવા આવવાની માંડ હા ભણે. ખેતરે જવા માટે ગાડું જોઈએ. એ દિવસે શીરાપુરીનું ભોજન ખેડૂતને ઘેર જ હોય.

ગરજે ગધેડાને બાપ કહેવો પડે એ કહેવત અનુસાર ગરીબ ખેડૂતો મેરુનું ખૂબ માન–સન્માન કરતા. ધીમેધીમે એના પદ પર તાગડધિન્ના કરતા એના મિત્રોની સલાહથી એક નવું તૂત ઉમેરાયું : હવેથી ખત પર રાજમહોર મારવાના મામાને સો રૂપિયા આપવા.

બિચારા ગરીબ ખેડૂતો લાચારીને લીધે ઉછી–ઉધાર કરીને પણ સો રૂપિયા મેળવતા અને મામાનું ગજવું ગરમ કરતા. રાણીના મામાની વિરુદ્ધમાં કંઈ ફરિયાદ કરાય ?

એક રાતે કાળી શાલ ઓઢીને રાજા એક ગામડાના ગરીબ ખેડૂતના ઘરના આંગણામાં તુલસી–ક્યારા પાછળ ઊભો હતો. ત્યારે એણે બીમાર બાપ અને જુવાન દીકરા વચ્ચે થતી વાત સાંભળી.

બાપ : 'દીકરા, ખેતરમાં કૂવો ખોદાઈ ગયો ?'

દીકરો : 'હા બાપા, હવે એનું ખત મેળવશું ત્યારે પૈસા મળશે.'

બાપ : 'બહુ સરસ. હવે મેરુમામાની પધરામણી કરી લાવ.'

દીકરો : 'બાપા, એ તો કૂવો ખોદવા કરતાં ય કઠણ કામ છે !'

બાપ : 'એમ કેમ ?'

દીકરો : 'ખત પર રાજમહોર મારવા રૂપિયા સો ક્યાંથી લાવીશું ?'

બાપ : 'એ વગર ખત ના મળે ? બીજો કોઈ ઉપાય નથી. ?'

દીકરો : 'ઉપાય માટે મારા ભાઈબંધને વાત કરીશ. એ ધારશે તો કાયમી કળાકૂટ મટી જશે.'

આટલું સાંભળીને રાજા ત્યાંથી ચાલવા માંડયો અને વિચારવા લાગ્યો : 'લાયકાત વગરનાને લાગવગને લીધે ઊંચું પદ અપાય તો આવું જ પરિણામ આવે ને ? હવે મેરુનો ભંડો હું જાતે જ ફોડું ? કદાચ રાણીજી – આનો અવળો અર્થ લેશે.....થોડો સમય જવા દઉ. હવે બાજી હાથમાં જ છે. પાપનો ઘડો ભરાયા વગર રહેતો નથી. જેવો એ ભરાશે કે તરત ફૂટશે.'

ચાર–પાંચ દિવસ પછી એક વિચિત્ર ઘટના બની. રાજાનો દરબાર હંમેશ મુજબ ભરાયો હતો. નાના–મોટા ઝઘડાના ચુકાદા અપાતા જતા હતા. આ વખતે રાજાનું ધ્યાન એક ખૂણા તરફ ખેંચાયું – ત્યાં એક ગરીબ માણસ બેઠો હતો. એ ઊભો થવા જાય ને એની પડખે જ ઊભેલો એક સિપાહી એને માથે ટપલો મારીને બેસાડી દે. પેલો ઊભો થાય ને માથે ટપલો ! પેલો ઊભો થાય ને માથે ટપલો ! આમ વીસ વાર થયું.

હવે રાજાથી ન રહેવાયું : 'કોણ છે એ ?'

સિપાહી : ' કોઈ નથી – ગાંડો છે. નામદાર.'

રાજા : 'ક્યાંનો છે ? '

સિપાહી : 'વરવાળાનો.'

રાજા : 'એ શા માટે આવ્યો છે ?'

સિપાહી : 'કહે છે કે મારે ફરિયાદ કરવી છે.'

રાજા : 'શી ફરિયાદ છે એની ?'

સિપાહી : 'નામદાર, આ ગાંડાની ફરિયાદ પણ એના જેવી જ ઢંગધડા વગરની છે. આપનો સમય ન બગડે એટલે એને જકડી બેઠો છું.'

રાજા : 'ગામડેથી આવેલા માણસને સાંભળવાનો મને સમય ન હોય એ કેમ બને ? એને હાજર કરો.'

સિપાહીએ બાવડું ઝાલીને એને રાજાની સામે ઊભો રાખ્યો.

રાજા : 'એને એકલા ઊભો રહેવા દે.'

સિપાહી  એની જગાએ ખૂણામાં ચાલ્યો ગયો.

રાજા : 'તારું નામ શું ?'

જવાબ મળ્યો : 'ચતુરદાસ.'

છે ગાંડો ને નામ ચતુર ! દરબાર હસી પડયો.

રાજા : 'શી ફરિયાદ છે, તારી ?'

ચતુર : 'મહારાજ, મારી ફરિયાદ સાંભળીને બધાની માફક તમે ય મને ગાંડો તો નહીં જ માનોને ?

રાજા : 'તારી ફરિયાદ તો રજૂ કર પહેલાં !'

ચતુર : 'મહારાજ, મારા ખેતરમાંથી એક કૂવો ચોરાઈ ગયો છે !'

આખો દરબાર ફરી હસી પડયો; રાજાને પણ હસવું તો આવ્યું પણ તરત ગંભીર થઈને કહ્યું – 'પણ તે કૂવો બરાબર સાચવી રાખ્યો હતો ખરો ?'

ચતુર : 'મહારાજ, કૂવાને કેમ સાચવવો ? એને ઘેર તો લઈ ન જવાય !'

દરબારીઓ એક ગાંડાને મોઢે આવી ડાહી વાત સાંભળીને ફરી હસી પડયા. એમના તરફ મોં ફેરવીને ચતુરદાસે કહ્યું : 'હસો, માવતર હસો; ગરીબની રતન જેવી વાતની સૌ હાંસી કરે અને માલદારની ધૂળ જેવી વાતમાં સૌને રતન દેખાય !'

ચતુરના આ ચાબખાથી આખો દરબાર ડઘાઈ ગયો.

શરમાઈને શાંત થઈ ગયો.

રાજા : પ્રધાનજી, અબઘડી એક અધિકારીને વરવાળા ગામે મોકલાવીને એટલું તો પાકું કરાવો કે આનું પોતાનું ખરેખર ખેતર છે કે કેમ ? અને જો હોય તો, એમાં કૂવો છે કે નહીં ? આવતી કાલે સવારના દરબારમાં આટલી માહિતી હાજર થવી જોઈએ.'

આજે ય ભોજન કરતાં કરતાં રાજાએ રાણીને ચતુરદાસની વિચિત્ર ફરિયાદની વાત કરી. રાણીને ખૂબ હસવું આવ્યું : 'તો....તો કાલે હું ય દરબારમાં એ મૂર્તિને જોવા આવીશ.'

બીજે દિવસે દરબારમાં પેલા અધિકારીએ રાજાએ પુછાવી હતી એટલી માહિતી રજૂ કરી : 'મહારાજ, ચતુરદાસનું પોતાનું ખેતર વરવાળામાં છે. એ ખેતરમાં કૂવો કે કૂવાની કોઈ જ નિશાની જણાઈ નથી.'

રાજા : 'ચતુરદાસ વિશે કંઈ માહિતી મળી ?'

અધિકારી : 'મેં તો તમે પુછાવ્યું તેટલું જ જાણીને મારતે ઘોડે હાજર થયો છું.'

રાજા, રાણી અને આખા દરબારના કપાળ પર કરચલીઓ પડી. કંઈ ગમ પડતી ન હતી.

પ્રધાનજીએ પૂછ્યું, 'ચતુર, તારો કૂવો ચોરાયો એ વાત સાચી, પણ તારા ખેતરમાં કૂવો હતો તેની ખાતરી શું ?'

હવે વાત પાટે ચડી.

રાજાએ પણ કહ્યું : 'બરાબર છે, તું એ સાબિત કરી આપ કે તારા ખેતરમાં કૂવો હતો તો ખરો જ.'

ચતુરદાસ : 'મહારાજ, કૂવાના સાક્ષી તરીકે હું માણસો તો ઘણા લાવી આપું, પણ તમે વળી એમ કહો કે સાચાબોલા છે તેની શી ખાતરી ?'

રાજાએ હસીને કહ્યું : 'સાક્ષી સાચાબોલા છે કે કેમ તેની ખાતરી તો કરવી જોઈએ ને ?'

ચતુર : 'તો પછી દૂરના સાક્ષીને તેડવા જવા કરતાં હું તો કહું છું કે મહારાજ, તમે જ મારા કૂવાના સાક્ષી છો ?' રાજા, રાણી, પ્રધાન અને દરબાર, બધા ડઘાઈ ગયા.

રાજાની ધીરજ ન રહી : 'ચતુર, મારે હવે તને કંઈ જ પૂછવું નથી. મને તારી વાતોમાં ભારે ભેદ વરતાય છે. માટે તું જ હવે વિગતવાર વાત સમજાવ.'

ચતુર : 'મહારાજ, તમે મારા કૂવાના આડકતરા સાક્ષી છો તેની ખાતરી રૂપે જુઓ આ કૂવાનું ખત. એના પર રાજમહોર છે. રાજમહોર એટલે રાજાની સંમતિ. તમે આ રીતે કૂવાના સાક્ષી ખરા કે નહીં ?'



રાજા : પ્રધાનજી, ચતુરનું ખત તપાસીને બ્યાન કરો.' પ્રધાનજીએ ચતુરનું ખત જોયું. તપાસ્યું અને બ્યાન કર્યું –

'મહારાજ, ચતુરદાસે એના ખેતરમાં કૂવો ખોદ્યો છે જેનું ખત આપણા કૂવાના કારભારી મેરુભાઈએ લખી આપેલ છે અને તે પર રાજમહોર મારેલ છે.'

રાજા : 'હવે જો આ ખત સાચું હોય તો કૂવો ચોરાયો છે એ વાત માનવી જ પડશે ! ચતુર, તું જલદી વાત કર.'

ચતુર : 'મહારાજ, કૂવો હકીકતમાં ખોદાયો જ નથી પછી એના જવાની વાત જ ક્યાં આવે ?'

રાજા : 'તો પછી અમારો સમય બગાડવાની તે હિંમત શી રીતે કરી ? તને આ ખત શી રીતે મળ્યું ?'

આનો જવાબ આપવા ચતુરદાસે હોઠ હલાવ્યા પણ ગભરાટમાં અવાજ નીકળી શક્યો નહીં અને જ્યારે અવાજ નીકળ્યો ત્યારે હોઠ સિવાઈ ગયા !

દરબારમાં ફરી હાસ્ય રેલાયું, ગણગણાટ વધવા લાગ્યો. રાજા ચતુરની મૂંઝવણ સમજી ગયા – દરબારીઓને શાંત કરીને એમણે કહ્યું – 'ચતુર, હું તારી સાચું બોલવાની હિંમતથી ખૂબ ખુશ છું. તારે જે કહેવાનું હોય તે કોઈ જાતની બીક વગર કહે. તારો વાળ વાંકો નહીં થાય. તને મારું અભયવચન છે.'

રાણીજી પણ નવાઈ ભરી આંખે ચતુરને સાંભળવા ઉત્સુક હતાં !

ચતુર : 'બેઅદબી માફ કરજો, મેં તો આ એક કિસ્સો ઊભો જ કર્યો છે.'

રાજા : 'શા માટે આવું ગાંડપણ કરવાની જરૂર પડી ?'

ચતુર : 'ગરીબ ખેડૂતોનો કચવાટ રજૂ કરવા માટે.'

રાજા : 'ખેડૂતોને આટઆટલી રાહત આપ્યા પછી પણ હજુ શો કચવાટ છે ?'

ચતુર : 'મહારાજ, તમારી તો મોટી મહેરબાની છે. બધા કૂવાના કારભારીથી ખૂબ ત્રાસી ગયા છે. પહેલાં તો એ શીરા પુરીથી જ ખુશ થઈ જતા. પરંતુ હવે તો ખત પર રાજમહોર મારવાની બક્ષિસ લે છે.'

રાજા : 'એ બક્ષિસ નથી, લાંચ છે. વાત આટલી હદે પહોંચે તે પહેલાં ખેડૂતોએ ફરિયાદ કેમ ન કરી ?'

આ સવાલનો ચતુરદાસ જવાબ આપે તે પહેલાં રાણીજીને કોણ જાણે શી પીડા ઊપડી કે તેઓ તરત દરબાર છોડી ગયાં. એમને જરૂરી બોધપાઠ મળી ગયો હતો. રાજા તો જાણે કંઈ બન્યું જ ન હોય તેમ ચતુર સામે જ જોઈ રહ્યા.

ચતુર : 'મહારાજ, કૂવાના કારભારી મેરુભાઈ તે અમારાં રાજમાતાના મામા. એમના મામા તે રૈયતના મામા. આપ જ કહો, કોઈ ભાણિયો મામા સામે ફરિયાદી તરીકે ઊભો રહે ખરો !'

રાજા : ‘સાચી વાત કહેવામાં કોઈનીય શેહ–શરમ ન રાખવી જોઈએ. સમજુ લોકોએ રાજ કરનારને આવી વાતો ડર વગર કરવી જોઈએ. એ વગર રાજ સુધરે કેમ ?’

પ્રધાન : ‘ખરી વાત છે. ચતુરદાસ, હવે એ કહો કે આ ખત શી રીતે મેળવ્યું ?’

ચતુર : ‘મેં મેરુમામાને પાંચસો રૂપિયાની ‘બક્ષિસ’ આપી, એમણે મને વગર કૂવે આ ખત આપ્યું.’

દરબારીઓ દંગ થઈ ગયા. ચતુર એની જગાએ ગયો. રાજાએ હુકમ કર્યો. ‘પ્રધાનજી, અબઘડી સિપાહીઓને મોકલીને મેરુ જ્યાં હોય ત્યાં જઈને તેની પાસેથી રાજમહોર જપ્ત કરો. એણે કોની કોની પાસેથી આ રીતે લાંચ લીધી છે. એની યાદી તૈયાર કરાવડાવો. એ બધા ખેડૂતોને મેરુની મિલકતમાંથી એમણે એને આપેલ રકમ ચૂકવી દેવાની વ્યવસ્થા કરો. મેરુને ઊંધે ગધેડે આખા નગરમાં ફેરવીને સરહદ–પાર કરો. અને આ ચતુરદાસને કૂવાના કારભારી તરીકે નીમીને એમને રાજમહોર સોંપો.’

આ સાંભળીને દરબારીઓ રાજી થયા. પ્રધાનજી રાજી થયા. ખેડૂતો રાજી થયા. મોડે મોડે રાણીજી પણ રાજી થયાં. આમ સૌને રાજી જોઈને રાજા પણ ખૂબ રાજી થયા.

■